નં.અજાક/મ/૪/૨૦૦૧/ ૨૮૨૯

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪,૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર
તા.૧૩/૯/૨૦૦૧

## પરિપત્ર

**વિષય:- અનુ.જાતિનાં કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ આપવા બાબત**

ઉપરોક્ત વિષય પરત્વેના સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨/૩/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ./૧૦૯૮/નબા-૮/બ થી અનુસૂચિત જાતિનાં કાયદાના સ્નાતકોને સ્ટાઇપેન્ડ આપવાની યોજના અંગે વકીલોને તાલીમના હુકમો કરવામાં આવ્યા છે. આ હુકમો કર્યા બાદ કેટલીક રજુઆતો મળી છે. જેમાં સીનીયર વકીલ ઓછામાં ઓછા કેટલા જુનીયર વકીલને તાલીમ આપી શકે. આવા કિસ્સામાં જે જિલ્લામાં ૧૦ વર્ષનો વકિલાતનો અનુભવ ધરાવતા હોય તેવા સીનીયર વકીલ મળી રહેતા હોય ત્યાં એક સીનીયર વકીલ પાસે વધારે ઉમેદવારો ન થાય તે જોવાનું રહેશે. સામાન્ય રીતે એક સીનીયર વકીલપાસે વધારેમાં વધારે પાંચ (૫) જુનીયર વકીલો તાલીમ લઇ શકશે. સરકારી વકીલ હોય અને તેઓ સીનીયર વકીલ તરીકે તાલીમ આપવા માંગતા હોય તો તેમાં પણ વાંધા સરખું નથી. આ કારણે થતાં ફેરફારો વિગતો મેળવીને જિલ્લા કક્ષાએથીજ કરીલેવા સુચના આપવામાં આવે છે.

નિયામક
અનુસુચિતજાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
જિલ્લો:-